# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22/04/2026** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **અભેદ્ય સુરક્ષા વ્યવસ્થા વચ્ચે રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજવા ગુજરાત પોલીસનું આયોજન**
2. **આવતીકાલે યોજનારી ઉમરેઠની પેટાચૂંટણી માટે પ્રચાર પૂર્ણ થયા બાદ ઉમેદવારોનો મતદારો સાથે વ્યક્તિગત સંપર્ક**
3. **26મી તારીખે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે તમામ રાજકીય પક્ષોનો મતદારોને રિઝવવા આક્રમક ચૂંટણી પ્રચાર**
4. **રાજ્યમાં આજે કાળઝાળ ગરમીનો હવામાન વિભાગનો વર્તારો**
5. **IPL ક્રિકેટમાં, સનરાઇઝર્સ હૈદરાબાદે દિલ્હી કેપિટલ્સને 47 રને હરાવ્યું**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# DGP PRESS

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે માટે રાજ્યમાં **59** હજાર **525** હોમગાર્ડ/જી.આર.ડી. જવાનો તેમજ **41** હજાર **383** વધારાના જવાનોને તહેનાત કરાયા છે.

રાજ્યમાં યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૨૬ના સંદર્ભે ગુજરાત પોલીસ રાજ્યની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જાળવવા સજ્જ હોવાનું રાજ્ય પોલીસ વડા ડૉ. કે. એલ. એન. રાવે જણાવ્યું હતું. રાજયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંગે રાજ્ય પોલીસ વડા ડો. કે. એલ. એન. રાવની અધ્યક્ષતામાં તમામ શહેરના પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસ વડા તેમજ રેન્જ વડાની સાથે મહત્વપૂર્ણ વીડિયો કોન્ફરન્સનું આયોજન કરાયું હતું.

જેમાં ચૂંટણી દરમિયાન સુરક્ષા બંદોબસ્તનું આયોજન, ફાળવણી અંગે ચર્ચા કરાઈ હતી.ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ વાતાવરણમાં સંપન્ન થાય તે હેતુથી મોટા પાયે પોલીસ અને અન્ય સુરક્ષા દળોની ફાળવણી કરાઈ છે. જેમાં મહાનગરપાલિકા, **84** નગરપાલિકા, **13** નગરપાલિકાની પેટાચૂંટણી, **34** જિલ્લા પંચાયત અને **260** તાલુકા પંચાયત બેઠકોને આવરી લેવાઈ છે.

આ વીડિયો કોન્ફરન્સમાં રાજ્ય પોલીસ વડા દ્વારા સુરક્ષા અને વ્યવસ્થાને લઈને વિવિધ જરૂરી સૂચનાઓ અપાઈ છે. જેમાં સંવેદનશીલ વિસ્તારોમાં ચુસ્ત પેટ્રોલિંગ અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ પર સતત દેખરેખ રાખવી, આંતર-જિલ્લા અને રાજ્યની સરહદો પર સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત કરવી, ટેકનિકલ ખામી વગર સંવાદ જળવાય તે માટે પોલીસ યુનિટોને સતર્ક રહેવા આદેશ આપ્યા છે.

-----------------

# Propaganda spread

સ્થાનિક સ્વરાજની ચુંટણી ને લઈને તમામ પક્ષો એડીચોટીનું જોર લગાવી પ્રચાર કરી રહ્યાં છે. આવતીકાલે યોજાનારી પેટા ચુંટણી માટેના પ્રચાર પડઘમ શાંત થયા છે તંત્ર દ્વારા ચુંટણીની તૈયારીઓ પૂર્ણ કરાઇ છે આવતીકાલે આણંદની ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટા-ચૂંટણી માટે મતદાન કરાશે.પેટા-ચૂંટણીમાં આ વખતે છ ઉમેદવારો મેદાનમાં છે. ઉમેદવારો વ્યક્તિગત રીતે પ્રચાર પ્રસારમાં જોતરાયા છે.

બીજી તરફ સ્થાનિક સ્વરાજ્યની ચૂટણી માટે ભરૂચ  શહેરમાં ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા તથા ડૉ. પ્રશાંત કોરાટ દ્વારા પ્રબોધ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રબુધ્ધ નાગરિકો સાથે સીધી ચર્ચા કરી સરકારના વિકાસ કાર્યો અંગે માહિતી આપવામાં આવી હતી.

ભાવનગર મહાનગરપાલિકાની આગામી રવિવારે યોજાનારી ચૂંટણીને લઈ રાજકીય જંગમાં બંને મુખ્ય પક્ષોએ પ્રચાર તેજ બનાવ્યો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ  શક્તિસિંહ  ગોહિલે  વિઠ્ઠલવાડી  ખાતે  વડવા 'બ' વોર્ડની 'વિજય વિશ્વાસ જન સભા' યોજી હતી. અને કોંગ્રેસના ઉમેદવારો માટે મતદારો પાસે મત માંગ્યા હતા

સુરતના મજૂરા ખાતે **AAP** ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ 'વિજય વિશ્વાસ સભા' કરી હતી આ સભામાં  **AAP**ના રાજ્યસભા સાંસદ સંજય સિંહ અને ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા પણ વિજય વિશ્વાસ સભામાં હજાર રહ્યા હતાં. તેમજ મતદારોને આમ આદમી પાર્ટીને મત આપવા અપીલ કરી હતી

# ELECTION PREPARATION

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની લઇને તૈયારીઓને અઁતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે.અમદાવાદમાં. આગામી 26 એપ્રિલના રોજ યોજાનારા મતદાન માટે અંદાજે 38 લાખ મતદારો નોંધાયેલા છે, જેમાં 19.67 લાખ પુરુષો અને 18.33 લાખ મહિલાઓનો સમાવેશ થાય છે. 48 વોર્ડની કુલ બેઠકો માટે 652 ઉમેદવારો મેદાનમાં છે. નોંધનીય છે કે બે બેઠકો પર બિનહરીફ વરણી થઈ ચૂકી છે. કુલ 1553 ફોર્મ ભરાયા હતા, જેમાંથી 877 રદ થયા હતા અને 22 ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યા હતા.

અમદાવાદમાં મહાનગર પાલિકા માટે 4 હજાર 257 બૂથ પર 9 હજાર 778 બેલેટ યુનિટ અને 4 હજાર 888 કંટ્રોલ યુનિટ રહેશે. આ સમગ્ર પ્રક્રિયામાં 30,000 વહીવટી કર્મચારીઓ, શહેરમાં 15,000 પોલીસ અને ગ્રામ્યમાં 7,000 પોલીસ જવાનો તૈનાત રહેશે.

જ્યારે સાબરકાંઠા જીલ્લામાં 10.36 લાખ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે .જિલ્લામાં જિલ્લા પંચાયતની 34 અને તાલુકા પંચાયતની 170 બેઠકો માટે મતદાન થશે. નગરપાલિકાઓમાં હિંમતનગર, ઇડર, વડાલી અને પ્રાંતિજની બેઠકોનો સમાવેશ થાય છે. આ ચૂંટણીમાં જિલ્લા પંચાયત માટે 107, તાલુકા પંચાયત માટે 500 અને નગરપાલિકા માટે 231 ઉમેદવારો મેદાનમાં છે. કુલ મતદાન મથકો એક હજાર 347 મથકો ઊભા કરાયા છે. જેમાં EVM બે હજાર 984 કંટ્રોલ યુનિટ અને 3,184 બેલેટ યુનિટની ફાળવણી પૂર્ણ કરી દેવાઇ છે.ચૂંટણીમાં સુરક્ષા માટે 1,000 થી વધુ પોલીસ જવાનોનો ચુસ્ત બંદોબસ્ત તૈનાત રહેશે.

અમરેલી જિલ્લામાં અંદાજિત ૧૪,૦૦૦ જેટલા ૧૮ થી ૨૦ વર્ષની વયના નવયુવાઓ પ્રથમ વખત મતાધિકારનો ઉપયોગ કરીને ભારતીય લોકશાહીને વધુ સશક્ત બનાવવા માટે પોતાનું અમૂલ્ય યોગદાન આપશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

ગોન્ગ મ્યુઝિક

# RAJKOT ELECTION

રાજકોટ મહાનગર પાલિકાની **26**મી એપ્રિલના રોજ યોજાનારી ચૂંટણી માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવાઇ છે. રાજકોટ મહાનગર પાલિકાના **18** વોર્ડની **72** બેઠકોમાં ચૂંટણી યોજાશે. આ વખતે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનો ત્રિપાંખિયો ચૂંટણી જંગ હશે. સાંભળીએ એક વિસ્તૃત અહેવાલ

(વોઇસ કાસ્ટ - જયદિપ પંડ્યા)

# Awareness

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓના મતદાનની તારીખ ૨૬મી એપ્રિલ નજીક આવી રહી છે, ત્યારે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાર જાગૃતિ અભિયાનને વેગ અપાઈ રહ્યો છે.

૨૬ એપ્રિલના રોજ રાજકોટ મહાનગર પાલિકા, ગોંડલ નગરપાલિકા, તાલુકા તેમજ જિલ્લા પંચાયતોની ચૂંટણી માટે મતદાન થનાર છે, ત્યારે ગુજરાતમાં ચૂંટણીના બ્રાન્ડ એમ્બેસેડર અને ક્રિકેટર ચેતેશ્વર પુજારાએ નાગરિકોને અચૂક મતદાન કરવા અપીલ કરી છે.

દરમિયાન જામકંડોરણા તાલુકાની દૂધ મંડળીઓના સદસ્યો પણ મતદારોને પોતાના મતાધિકારના અચૂક ઉપયોગ માટે અપીલ કરી રહ્યા છે. આ સાથે દૂધ મંડળી ઓના સભ્યોએ પણ ચૂંટણીમાં અચૂક મતદાનનો સંકલ્પ લીધો હતો.

રાજકોટ શહેર, ગ્રામ્ય અને જીઆઈડીસી વિસ્તારોમાં જિલ્લા ચૂંટણી તંત્ર રાજકોટ દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયા હતાં.ચૂંટણી તંત્ર દ્વારા સ્વ સહાય જૂથના બહેનો, કોલેજના વિદ્યાર્થીઓ તેમજ જીઆઇડીસી વિસ્તારના કામદારોને મતદાન કરવા પ્રેરિત કરાયા હતા.

રાજકોટના હેમુ ગઢવી હોલ ખાતે ગત રોજ પ્રસિદ્ધ લોક વાર્તાકાર કાનજી ભૂટા બારોટની લોકકથા 'જીથરો ભાભો' ના નાટ્ય રૂપાંતરના બે શો યોજાયા હતાં.

આ નાટ્ય શો ને માણવા આવેલા દર્શકોએ નાટક મંચનના પ્રારંભે લોકતાંત્રિક પ્રક્રિયામાં મતદાતા તરીકે મતદાનની ફરજ નિભાવવાના શપથ લીધા હતાં.

# VALSAD HEAT ACTION PLAN

આગામી 26 એપ્રિલે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ વલસાડ જિલ્લા વહીવટી તંત્ર સજ્જ છે. કાળઝાળ ગરમી અને હિટવેવની આગાહીને પગલે આરોગ્ય વિભાગ પણ હરકતમાં આવ્યું છે. જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી (DHO) એ મતદારોને લૂ થી બચવા અને સુરક્ષિત મતદાન કરવા ખાસ અપીલ કરી છે.

DHO દ્વારા જણાવાયું છે કે, દરેક મતદાન મથક પર આરોગ્ય કર્મચારીઓ તૈનાત રહેશે. તેમની પાસે ORS, પ્રાથમિક સારવારની દવાઓ અને અન્ય જરૂરી સાધન-સામગ્રી ઉપલબ્ધ હશે. જો કોઈ મતદાર કે ફરજ પરના કર્મચારીને ગરમીના કારણે અસ્વસ્થતા અનુભવાય, તો તેઓ તાત્કાલિક મેડિકલ ટીમનો સંપર્ક કરી શકશે તેમ જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી એ કે સિંઘે જણાવ્યુ હતું.

**(BYTE - એ કે સિંઘ,જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી**

**(DHO))**

-------------------

# ARAVLLI ARREST

અરવલ્લી જિલ્લામાં અજાણ્યા ત્રણ ઈસમોએ વૃદ્ધાને વિશ્વાસમાં લીધી હતી અને ચાંદીના કડલા આશરે એક કિલોગ્રામ કઢાવી લીધા હતા. સમગ્ર ઘટનાની લઈને વૃદ્ધાએ ઝેરી દવા ગટગટાવી લેતા તેનું મોત થયુ હતું, પોલીસે ઊંડાણપૂર્વક તપાસ કરતા ત્રણ ઈસમોએ વિશ્વાસઘાત કર્યો હોવાનું જાણવા મળ્યું હતું.

પોલિસે હ્યુમન સોર્સિસ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસ કરી હતી. પોલીસે બાતમીના આધારે સહયોગ ચોકડી નજીકથી બે ઈસમોને પકડી પાડ્યા હતા. ઝડપાયેલા બંનેની અગાઉ પણ અન્ય ગુનાઓમાં સંડોવણી બહાર આવી હોવાનું અરવલ્લીના જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાએ કહ્યુ હતું.

**(બાઈટ : મનોહરસિંહ જાડેજા, એસપી, અરવલ્લી)**

-----------------

# STATE WEATHER UPDATE

રાજ્યમાં આગામી દિવસોમાં ગરમી વધવાની શક્યતાને જોતા તાપમાનનો પારો 43 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. આગામી ત્રણ દિવસ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા નહીં મળે, પરંતુ ધીમેધીમે બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે.

# IPL-CRICKET

**IPL** ક્રિકેટમાં, સનરાઇઝર્સ હૈદરાબાદે દિલ્હી કેપિટલ્સને **47** રને હરાવ્યું. ગઈકાલે રાત્રે હૈદરાબાદના રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં, સનરાઇઝર્સ હૈદરાબાદે નિર્ધારિત **20** ઓવરમાં બે વિકેટ ગુમાવીને **242** રન બનાવ્યા હતા. અભિષેક શર્મા **135** રન બનાવી અણનમ રહ્યો. તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

**243** રનના લક્ષ્યાંકનો પીછો કરતા, દિલ્હી કેપિટલ્સ નિર્ધારિત **20** ઓવરમાં નવ વિકેટ ગુમાવીને **195** રન જ બનાવી શક્યું.

આજે, લખનૌ સુપર જાયન્ટ્સ લખનૌના અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રાજસ્થાન રોયલ્સ સામે ટકરાશે. મેચ સાંજે **7:30** વાગ્યે શરૂ થશે.